# એન્ટીરેગિંગ સેલ



ડૉ. બિજલ આર. મિસ્ત્રી
કન્વીનર

રેગિંગ એ શિક્ષણ ક્ષેત્રનો એક સળગતો પ્રશ્ન છે. પોતાની કારકિર્દીને ઉજ્જવળ બનાવવા, પોતાના ભવિષ્યને સુરક્ષિત બનાવવા વિદ્યાર્થીઓ કેટલીય આશા અરમાનો સાથે પ્રવેશ મેળવે છે, પરંતુ પ્રવેશ મેળવ્યા પછી ક્યારેક એવી ઘટનાનો સામનો કરવો પડે છે કે જેનાથી ક્યારેક વિદ્યાર્થીઓ પોતાની જાન ગુમાવી બેસે છે અથવા ડિપ્રેશનનો ભોગ બની જાય છે.

આવી ઘટનાઓ ન ઉદ્દભવે તે માટે સરકારશ્રી અને દરેક યુનિવર્સિટી સજાગ બની એના પરિપાક રૂપે દરેક કોલેજમાં એન્ટીરેગિંગ સેલની રચના કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓનું ભવિષ્ય સચવાય તે માટે સરકારશ્રીના આદેશથી દરેક કોલેજમાં કડક હાથે કામ લેવાનું સૂચવવામાં આવ્યું. દરેક કોલેજમાં ફરજિયાતપણે આ સેલની રચના કરવાનો આદેશ અપાયો છે.

આ સેલ વર્ષ દરમ્યાન નીચે જેવી પ્રવૃત્તિ હાથ ધરે છે.

- ❖ પ્રશિક્ષણાર્થી કોલેજમાં પ્રવેશ મેળવે પછી વાલીઓ પાસે અને તાલીમાર્થીઓ પાસે બાંહેધરી પત્ર ભરાવવામાં આવે છે. જેમાં પોતાનો પાલ્ય, કોઈ પણ પ્રકારની કનડગત કોઈ પણ વિદ્યાર્થીને નહિ કરે તેવી બાંહેધરી આપે છે અને વિદ્યાર્થીઓ પણ આ પ્રકારની બાંહેધરી આપે છે.
- ❖ સરકારશ્રીમાંથી જયારે પણ આ સેલની માહિતી માંગે અથવા કોઈ પણ પ્રકારની કાર્યવાહી માટે સૂચવવામાં આવે છે. તમામ બાબતો સત્વરે અમલ કરવામાં આવે છે.
- ❖ યુનિવર્સિટીમાં પણ ઓનલાઈન ફોર્મ ભરાવવામાં આવે છે.
- ❖ કોઈપણ વિદ્યાર્થી રેગિંગનો ભોગ ન બને તે માટે સતત સજાગ રહી કાર્ય આ સેલ કરે છે. આ ઉપરાંત રેંડ્રેસર સેલ ની રચના કરી સજેસન બોક્ષ દ્વારા તાલીમાર્થીઓના પ્રશ્નોને જાણીને તેને દૂર કરવાના પ્રયત્ન કરવામાં આવે છે. સજેસન બોક્ષ દર મહિનાના છેલ્લા શનિવારે આચાર્યશ્રી અને વિદ્યાર્થી મંડળના પ્રતિનિધિની હાજરીમાં ખોલવામાં આવે અને જે પ્રશ્નો હોય તેને હલ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. આચાર્યશ્રી, સમગ્ર અધ્યાપક ગણ દ્વારા પણ આ માટેના પ્રયત્નો સતત થતાં રહે છે.

એન્ટીરેગિંગ સેલની કમિટીના સભ્યો આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| • ચેરમેન અને આચાર્ય | : ડૉ. ડી. આર. પરમાર | |
| • કન્વીનર | : ડૉ. બિજલ આર. મિસ્રી | |
| • મેમ્બર | : ડૉ. મીનાબેન એચ. રાઠોડ, ડૉ. શેતલબેન બી. ખૈર, ડૉ. વૈશાલી એલ.ભાવસાર | |
| • જનરલ સેક્રેટરી | : શ્વેતા વાળંદ, | જ્યોતિ પરમાર |
| • વર્ગ પ્રતિનિધિ | : ધ્રુવા દવે | અંકિતા યાદવ |
| • કન્વીનર | : હેતા રાવલ | સાયના મલેક |
| • મેમ્બર | : ધ્રુવી મકવાણા | જીલ પટેલ |
| | પારૂલ રાઠવા | હેમાંગી સોલંકી |
| | નેહલ | જલ્પા પટેલ |
| | સોનલ | મુસ્કાનબાનું |

44